કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

# મોત હાર્યું, તંત્ર જીત્યું: આપત્તિ સામે અમરેલી ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને આપદામિત્રોની સફળ મોકડ્રીલ!









અમરેલી તા. ૧૦ જુલાઈ,૨૦૨૬ (શુક્રવાર) - અમરેલી શહેર સ્થિત ઠેબી ડેમ ખાતે ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને પૂર અને બચાવ કામગીરી અંગેની એક વિશેષ મોકડ્રીલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આપત્તિના સમયે વહીવટી તંત્રની સજ્જતા અને વિવિધ વિભાગો વચ્ચેના સંકલનને ચકાસવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી હતી. ઘટનાનું કાલ્પનિક દ્રશ્ય અને ત્વરિત કામગીરી માટે મોકડ્રીલના આયોજન અંતર્ગત એક કાલ્પનિક સ્થિતિ ઊભી કરવામાં આવી હતી, જેમાં ઠેબી ડેમના પાણીમાં બે યુવાનો ડૂબી રહ્યા હોવાની ઘટના આકાર પામી હતી. આ અંગે કોઈ અજાણ્યા નાગરિક દ્વારા તુરંત જ જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને ફોન કરીને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને સમજીને જિલ્લા વહીવટી તંત્ર તુરંત જ હરકતમાં આવ્યું હતું અને સંબંધિત તમામ વિભાગો સહિત જિલ્લામાં તૈનાત NDRFની ટીમને તાત્કાલિક અસરથી બચાવ કાર્ય માટે ઘટના સ્થળે રવાના કરી હતી.આ મોકડ્રીલને સફળ બનાવવા માટે વિવિધ વિભાગોના કુલ ૫૨ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓએ સ્થળ પર હાજર રહીને પ્રશંસનીય કામગીરી કરી હતી. જેમાં NDRF ટીમના 30 જેટલા જાંબાઝ જવાનો આધુનિક બચાવ સાધનો સાથે જોડાયા હતા, કાયદો-વ્યવસ્થા અને ટ્રાફિક નિયમન માટે ૫ પોલીસ કર્મચારીઓ હાજર રહ્યા હતા, તાત્કાલિક તબીબી સારવાર માટે ૨ પેરામેડિકલ સ્ટાફ સભ્યો કાર્યરત હતા, ૧૪ જેટલા સ્થાનિક આપદામિત્રોએ બચાવ કામગીરીમાં સક્રિય સહયોગ આપ્યો હતો, ડી.પી.ઓ.શ્રીની સીધી દેખરેખ હેઠળ આખી કામગીરીનું સંચાલન કરવામાં આવ્યું હતું. NDRF અને સ્થાનિક ટીમ દ્વારા પાણીમાં ડૂબતા યુવાનોને હેમખેમ બહાર કાઢી, ૧૦૮ની મદદથી પ્રાથમિક સારવાર આપી હૉસ્પિટલ ખસેડવા સુધીની તમામ પ્રક્રિયાઓ આબેહૂબ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. આ સફળ મોકડ્રીલના કારણે ભવિષ્યમાં આવનારી કોઈપણ કુદરતી કે માનવસર્જિત આપત્તિ સમયે તંત્ર ખૂબ જ ટૂંકા સમયમાં અને અસરકારક રીતે કામગીરી કરી શકશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કે.ડે. NEWS

તારીખ : 10/07/2026

# લીલીયા નજીક યુવકના મૃત્યુની ઘટનાને લઈ વનમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાનું દુઃખ વ્યક્ત;

# ગેરકાયદેસર સિંહદર્શનથી દૂર રહેવા નાગરિકોને અપીલ



અમરેલી જિલ્લાના લીલીયા નજીક જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે સિંહદર્શન દરમિયાન એક યુવકના મૃત્યુની ઘટનાને લઈને ગુજરાતના વનમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે સદ્ગત આત્માને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી તેમજ શોકસંતપ્ત પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

વનમંત્રીએ જણાવ્યું કે ચોમાસાનો સમય એશિયાટિક સિંહોના મેટિંગ અને આરામ માટે અત્યંત મહત્વપૂર્ણ હોય છે. આ સમયગાળા દરમિયાન વન્યજીવોને કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે અને માનવ સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી જંગલના કેટલાક વિસ્તારોમાં પ્રવેશ અને સફારી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખવામાં આવે છે. આવા સમયે ગેરકાયદેસર રીતે સિંહદર્શન કરવાનો પ્રયાસ કરવો ગંભીર અને જીવલેણ સાબિત થઈ શકે છે.તેમણે વધુમાં જણાવ્યું કે ગીર અને તેની આસપાસના વિસ્તારોમાં સિંહ અને માનવ વચ્ચેનું સહઅસ્તિત્વ વર્ષોથી સંરક્ષણની સફળતા અને સામાજિક સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ રહ્યું છે. આ સંતુલન અને પરંપરાને જાળવી રાખવાની જવાબદારી દરેક નાગરિકની છે.વનમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તમામ નાગરિકોને વન વિભાગના નિયમો અને માર્ગદર્શિકાઓનું કડક પાલન કરવા અપીલ કરી હતી.

તેમણે ગેરકાયદેસર સિંહદર્શનથી દૂર રહેવા તેમજ વન્યજીવોને કનડગત થાય તેવી કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ ન લેવા અનુરોધ કર્યો હતો.તેમણે ભારપૂર્વક જણાવ્યું કે વન્યજીવોની સુરક્ષા અને માનવ જીવનની સલામતી બંને સમાન રીતે મહત્વપૂર્ણ છે, તેથી કુદરત અને વન્યજીવો પ્રત્યે જવાબદારીપૂર્વકનું વર્તન જાળવવું દરેક નાગરિકની ફરજ છે.

તારીખ : 10/07/2026

# લીલીયા તાલુકાના ભેસાણ ગામની પૂરગ્રસ્ત પરિસ્થિતિનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કર્યું નિરીક્ષણ



અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પૂરથી પ્રભાવિત ભેસાણ ગામની સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ રૂબરૂ મુલાકાત લઈને પૂરગ્રસ્ત વિસ્તારોની પરિસ્થિતિનું સ્થળ પર જ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે અસરગ્રસ્ત ગ્રામજનો સાથે સીધી મુલાકાત કરી તેમની સમસ્યાઓ અને જરૂરિયાતોની વિગતવાર જાણકારી મેળવી હતી.આપત્તિના આ કપરા સમયમાં સ્થાનિક લોકોને તાત્કાલિક અને અસરકારક સહાય મળી રહે તે હેતુથી ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ વહીવટી તંત્રના અધિકારીઓ, લીલીયા તાલુકા ભાજપના હોદ્દેદારો તેમજ સેવાભાવી કાર્યકર્તાઓ સાથે મળીને સમગ્ર વિસ્તારમાં ગ્રાઉન્ડ લેવલ પર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.મુલાકાત દરમિયાન તેમણે અસરગ્રસ્ત પરિવારોને જરૂરી પાયાની સુવિધાઓ, પીવાનું સ્વચ્છ પાણી, આરોગ્ય સેવાઓ, રાહત સામગ્રી તેમજ સરકાર દ્વારા મળવાપાત્ર વળતર સહિતની તમામ સહાય ઝડપથી પહોંચે તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. સાથે જ નુકસાનનું યોગ્ય સર્વેક્ષણ કરીને કોઈપણ અસરગ્રસ્ત પરિવાર સહાયથી વંચિત ન રહે તેની પણ સૂચના આપવામાં આવી હતી.ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે કુદરતી આપત્તિના આ મુશ્કેલ સમયમાં રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર લોકોની સાથે મજબૂતાઈથી ઊભાં છે. ભાજપની સમગ્ર ટીમ પણ સેવાભાવ સાથે અસરગ્રસ્ત નાગરિકોની મદદ માટે સતત કાર્યરત છે અને દરેક જરૂરિયાતમંદ સુધી જરૂરી સહાય પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે.ભેસાણ ગામની મુલાકાત દરમિયાન સ્થાનિક ગ્રામજનોએ પોતાની રજૂઆતો કરી હતી, જેને ધારાસભ્યશ્રીએ ગંભીરતાપૂર્વક સાંભળી યોગ્ય અને ત્વરિત કાર્યવાહી માટે સંબંધિત વિભાગોને સૂચનાઓ આપી હતી.



કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

# શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં હવેથી આયુર્વેદ અને હોમિયોપેથી વિભાગની ઓપીડી સેવા ઉપલબ્ધ




શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા દર્દીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને હોલિસ્ટિક હેલ્થકેર સેન્ટરની આયુર્વેદ તથા હોમિયોપેથી વિભાગની ઓપીડી અને સારવાર સેવાના સ્થળમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે.

હોલિસ્ટિક હેલ્થકેર સેન્ટર, ઘેલાણી નિવાસ, સંધિ ચોક ખાતે અગત્યના રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવતાં આજથી આયુર્વેદ તથા હોમિયોપેથી વિભાગની તમામ ઓપીડી અને સારવાર સેવાઓ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, ખાદી કાર્યાલય કેમ્પસ, રેલવે સ્ટેશન સામે, સાવરકુંડલા ખાતે ઉપલબ્ધ રહેશે.શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા દર્દીઓને ૧૦૦ ટકા નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. સંસ્થા દ્વારા દર્દીઓને કોઈ અગવડતા ન પડે તે માટે આ સ્થળાંતરની જાણકારી જાહેર કરવામાં આવી છે અને તમામ દર્દીઓને નવી વ્યવસ્થા મુજબ આરોગ્ય સેવાઓનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.વધુ માહિતી માટે મો. 90336 87549 પર સંપર્ક કરવા જણાવાયું છે.

તારીખ : 10/07/2026

# રામપરા-૨ વૃંદાવન આશ્રમશાળામાં પીપાવાવ મરીન પોલીસ દ્વારા વૃક્ષારોપણ અને સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો





અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રામપરા-૨ ગામ સ્થિત વૃંદાવન આશ્રમશાળામાં પીપાવાવ મરીન પોલીસ સ્ટાફ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને ડિજિટલ સુરક્ષા અંગે જનજાગૃતિ લાવવાના હેતુથી વૃક્ષારોપણ તથા સાયબર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત વૃક્ષારોપણથી કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓ અને સ્ટાફે આશ્રમશાળાના પરિસરમાં વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરીને વિદ્યાર્થીઓને પર્યાવરણનું જતન કરવા, વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેમની સંભાળ રાખવાનો સંદેશ આપ્યો હતો.ત્યારબાદ યોજાયેલા સાયબર જાગૃતિ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ઓનલાઈન છેતરપિંડી, ફિશિંગ લિંક, ઓટીપી શેર ન કરવો, અજાણી લિંક પર ક્લિક ન કરવું, સોશિયલ મીડિયા અને ડિજિટલ બેન્કિંગનો સુરક્ષિત ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, કોઈપણ પ્રકારની સાયબર છેતરપિંડીનો ભોગ બન્યાની સ્થિતિમાં તાત્કાલિક સાયબર હેલ્પલાઈન 1930 પર સંપર્ક કરવા તેમજ www. cybercrime. gov.in પોર્ટલ પર ફરિયાદ નોંધાવવાની માહિતી પણ આપવામાં આવી હતી.પીપાવાવ મરીન પોલીસ સ્ટાફે વિદ્યાર્થીઓને કાયદા પ્રત્યે જાગૃત નાગરિક બનવા, પર્યાવરણ પ્રત્યે જવાબદારી નિભાવવાની સાથે ડિજિટલ યુગમાં સાવચેત રહી સુરક્ષિત રહેવા અપીલ કરી હતી.આ સમગ્ર કાર્યક્રમમાં આશ્રમશાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, પીપાવાવ મરીન પોલીસ સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
✆ 99041 41874 / 70961 31005

કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

# અતિભારે વરસાદ વચ્ચે મંત્રી કૌશિક વેકરીયાનો સાદગીભર્યો અંદાજ આવ્યો સામે



## વડિયાના જંગર ગામે ખેડૂતની ઝૂંપડીએ પહોંચ્યા ઊર્જામંત્રી, દેશી બળતણ પર બનેલી ચાની લીધી ચુસ્કી

અમરેલી જિલ્લામાં અતિભારે વરસાદ બાદ સર્જાયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા વિવિધ વિસ્તારોના પ્રવાસે નીકળેલા રાજ્યકક્ષાના ઊર્જામંત્રી કૌશિક વેકરીયાનો એક સાદગીભર્યો વીડિયો સામે આવ્યો છે. રાજ્યકક્ષાના મંત્રી હોવા છતાં તેમનો સરળ સ્વભાવ અને દેશી અંદાજ આ વીડિયોમાં જોવા મળ્યો હતો.વડિયા તાલુકાના જંગર ગામની મુલાકાત દરમિયાન ઊર્જામંત્રી કૌશિક વેકરીયા એક ખેડૂતની વાડીએ આવેલી ઝૂંપડીએ પહોંચ્યા હતા. અહીં તેઓ કોઈ નેતા કે મંત્રી તરીકે નહીં, પરંતુ એક સામાન્ય ખેડૂતની માફક વરસાદી માહોલ અને ગ્રામ્ય વિસ્તારની ગતિવિધિઓ અંગે સ્થાનિકો પાસેથી જાણકારી મેળવતા જોવા મળ્યા હતા.આ દરમિયાન ખેડૂતની વાડીએ દેશી બળતણ પર બનાવવામાં આવેલી ચાની કૌશિક વેકરીયાએ સહજતાથી ચુસ્કી માણી હતી. કોઈ વિશેષ વ્યવસ્થા કે ઔપચારિકતા વગર સામાન્ય લોકોની વચ્ચે બેસીને ચા પીતા રાજ્યકક્ષાના મંત્રીનો આ દેશી અંદાજ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.સત્તાના હોદ્દા કરતાં લોકો સાથેનો સીધો સંપર્ક અને જમીન સાથે જોડાયેલો સ્વભાવ કૌશિક વેકરીયાની આગવી ઓળખ રહ્યો છે. અતિભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન સામે આવેલા આ દૃશ્યોએ ફરી એકવાર તેમની સાદગી અને ખેડૂતપ્રેમની ઝલક રજૂ કરી છે.નામના નહીં પરંતુ કામના નેતા તરીકે ઓળખાતા કૌશિક વેકરીયાનો આ વીડિયો સોશિયલ મીડિયામાં પણ લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. સત્તાના મદમાં નહીં, પરંતુ ખેડૂતોની વચ્ચે અને તેમના હૃદયમાં સ્થાન ધરાવતા મંત્રીની સાદગીના આ દૃશ્યો હાલ ચર્ચામાં આવ્યા છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/07/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## હવે બનશે આપના ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

### દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ




### મુખ્ય સુવિધાઓ

- અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
- વિડીયો ગેલેરી
- કોન્ટેક્ટ ડીટેઈલ્સ
- વોટ્સઅપ ડાયરેક્ટ ચેટ
- ક્લિક ટુ કોલ
- ગૂગલ મેપ લોકેશન
- બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
- કસ્ટમર રિવ્યુઝ
- સોશીયલ મીડિયા લિંક્સ
- મોબાઈલ ફ્રેન્ડલી ડીઝાઈન

તમારો ધંધો હવે **ઓનલાઇન,** દરેક સમયે દરેક જગ્યાએ!

### જેમાં આપને મળશે..

- તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
- તમારા ધંધાનું ઓનલાઈન માર્કેટ
- ગ્રાહકો સાથે સીધી વાત
- મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
- ગ્લોબલ ટાર્ગેટ ઓડિયન્સ
- ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ
- વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

100% વિશ્વસનીય સેવા

## તમારા ધંધાની ઓળખ, હવે ડીજિટલ દુનિયામાં!

જોડાઓ આજે, અને તમારા વ્યવસાયને આપો નવી દૃષ્ટિ અને નવી ઉંચાઈ!

કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

# ડાયાબિટીસના દર્દીઓ માટે મોટી રાહત: ભારતમાં સપ્તાહમાં એક વખત લેવાતું 'Awiqli' બેસલ ઈન્સ્યુલિન ઉપલબ્ધ




ભારતમાં ડાયાબિટીસની સારવાર ક્ષેત્રે એક મહત્વપૂર્ણ વિકાસ થયો છે. ડેનમાર્કની અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની Novo Nordisk દ્વારા 'Awiqli' (ઈન્સ્યુલિન ઈકોડેક) નામનું સપ્તાહમાં માત્ર એક વખત લેવાતું બેસલ ઈન્સ્યુલિન ભારતમાં રજૂ કરવામાં આવ્યું છે.

રોજિંદા બેસલ ઈન્સ્યુલિન લેતા દર્દીઓ માટે આ નવી સારવાર એક વિકલ્પરૂપે ઉપલબ્ધ બનશે.આ ઈન્સ્યુલિનનો સૌથી મોટો ફાયદો એ છે કે દરરોજ ઈન્જેક્શન લેવાની જગ્યાએ દર્દીને સપ્તાહમાં માત્ર એક જ વખત ઈન્જેક્શન લેવું પડે છે. પરિણામે વર્ષ દરમિયાન અંદાજે ૩૬૫ ઈન્જેક્શનને બદલે માત્ર ૫૨ ઈન્જેક્શન પૂરતા રહે છે, જે દર્દીઓ માટે સારવારને વધુ અનુકૂળ બનાવી શકે છે.'Awiqli' (ઈન્સ્યુલિન ઈકોડેક)ને અમેરિકા સહિત યુરોપના અનેક દેશોમાં મંજૂરી મળી ચૂકી છે. હવે ભારતના દર્દીઓને પણ આ આધુનિક બેસલ ઈન્સ્યુલિનનો લાભ મળી શકશે. તબીબોની સલાહ મુજબ યોગ્ય દર્દીઓ માટે આ ઈન્સ્યુલિન ઉપયોગી વિકલ્પ બની શકે છે.કંપની દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, 'Awiqli'ની એક ડોઝની કિંમત આશરે રૂ. 2,611 રાખવામાં આવી છે. જોકે દર્દીએ આ ઈન્સ્યુલિનનો ઉપયોગ માત્ર નિષ્ણાત તબીબની સલાહ અને દેખરેખ હેઠળ જ કરવો જોઈએ. દવાની પસંદગી દર્દીની તબિયત, બ્લડ સુગરનું નિયંત્રણ અને અન્ય આરોગ્ય સંબંધિત પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.ઉલ્લેખનીય છે કે ડાયાબિટીસની સારવારને વધુ સરળ બનાવવા માટે અગાઉ પણ વિવિધ આધુનિક વિકલ્પો રજૂ કરવામાં આવ્યા છે. તેમાં Cipla દ્વારા ઈન્હેલ્ડ ઈન્સ્યુલિન (સોય વગર લેવાતું ઈન્સ્યુલિન) જેવા વિકલ્પોનો પણ સમાવેશ થાય છે.આ નવા બેસલ ઈન્સ્યુલિનના આગમનથી ડાયાબિટીસના દર્દીઓને સારવારમાં વધુ અનુકૂળતા મળી શકે તેવી આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો આશા વ્યક્ત કરી રહ્યા છે.

જોકે કોઈપણ નવી દવા અથવા ઈન્સ્યુલિન શરૂ કરતા પહેલાં તબીબી સલાહ લેવી અત્યંત જરૂરી છે.ઈન્સ્યુલિનની કિંમત અને પેકિંગની વિગતોની વાત કરવામાં આવે તો સાપ્તાહિક ખર્ચ: દર્દીને સરેરાશ 70 યુનિટના ડોઝ પ્રમાણે અઠવાડિયાનો ખર્ચ અંદાજે રૂ. 261 જેટલો સામાન્ય થાય છે પેન વેરિઅન્ટ્સ (કિંમત):1 ml (700 યુનિટ) પેન: રૂ. 2,611 (આ પેન અંદાજે 10 અઠવાડિયા સુધી ચાલે છે) 3 ml (2,100 યુનિટ) પેન: રૂ. 7,833

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



JTC HOL!DAYS
Beyond The Imagine

## પ્રવાસની પરફેક્ટ શરૂઆત અમારી સાથે



- હનીમૂન ટુર
- ગ્રુપ ટુર
- કોર્પોરેટ ટુર
- ડોમેસ્ટિક ટુર
- ઈન્ટરનેશનલ ટુર
- એક્ઝિબિશન ટુર
- સ્ટુડન્ટ ટુર
- એડવેન્ચર ટુર
- સફારી ટુર
- ડેઝર્ટ ટુર
- ધાર્મિક ટુર

**A To Z Tours નું પ્લાનીંગ અને પેકેજીંગ**

બેસ્ટ પ્રાઈઝ | બેસ્ટ સર્વિસ
અમે આપીશું

પ્લાન છે ફરવાનો ?

એકવાર અમારો સંપર્ક કરો
યાદગાર ટુરની ગેરંટી

મો 94264 58189

*Luxury awaits, Memories stay*

EXPLORE THE WORLD WITH JOY
KHUSHI TOURISM

કે.ડી. NEWS
તારીખ : 10/07/2026

# અમરેલી જિલ્લાના લાઠી ખાતે પેન્શનર સમાજની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



અમરેલી જીલ્લાના લાઠી સ્થિત સંતોકબા મેડિકલ સેન્ટર ખાતે પેન્શનર સમાજની એ વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં સમાજના હોદ્દેદારો, સભ્યો તેમજ આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહી વિવિધ મુદ્દાઓ ઓ પર ચર્ચા-વિચારણા કરી હતી.સભા દરમિયાન સમાજના સંગઠનને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો, વડીલોના કલ્યાણલક્ષી કાર્યો તેમજ ભાવિ આયોજન અંગે માર્ગદર્શનઆપવામાં આવ્યું હતું. ઉપસ્થિત પેન્શનરો મહાનુભાવોએ સમાજજીવનમાં સક્રિય રહે અને પરસ્પર સહયોગની ભાવના જળવાય તે માટે ભાર મૂક્યો હતો. અંતે આયોજકો દ્વારા મહેમાનોનુંસન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યક્ત કરી સમાજની સશક્ત એકતા, સહકાર અને સેવાભાવને વધુ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તારીખ : 10/07/2026

# અમરેલીના કેરિયાનાગસ મુકામે તળાવમાં નવા નીરની આવકથી ખેડૂતોમાં ખુશીની લહેર







## ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ કર્યા નવા નીર વધામણાં : જળસમૃદ્ધિથી કૃષિ વિકાસને મળશે વેગ

અમરેલી તા. ૧૦ જુલાઈ,૨૦૨૬ (શુક્રવાર) - અમરેલીના કેરિયાનાગસ મુકામે તળાવમાં ચોમાસાના સારા વરસાદને પગલે નવા નીરની આવક થતાં સમગ્ર વિસ્તાર હરખ અને આશાથી ઝળહળી ઊઠ્યો છે. આ અવસરે ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ નવા નીરના વધામણાં કર્યા હતા. જળ એ જીવન અને સમૃદ્ધિનું પ્રતીક છે. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, "પાણી એ વિકાસનું પાયાનું બળ છે. તળાવો ભરાય ત્યારે માત્ર જળાશયો જ નહીં, પરંતુ ખેડૂતોની આશાઓ પણ છલકાય છે." તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકાર જળસંચય, ચેકડેમ, તળાવો અને વરસાદી પાણીના સંગ્રહને પ્રોત્સાહન આપી જળસુરક્ષા સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે.કેરિયાનાગસ તળાવમાં પાણીની નોંધપાત્ર આવકથી ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળશે, ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે, પશુપાલનને સહારો મળશે. આ પાણી આગામી રવિ અને ઉનાળુ પાક માટે આશીર્વાદરૂપ બનશે.સ્થાનિક ગ્રામજનોએ નવા નીરની આવકને વધાવી પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમિયાન સૌએ જળસંચય, જળ સંરક્ષણ અને પાણીના કરકસરભર્યા ઉપયોગનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો. પાણીના દરેક ટીપાનું સંરક્ષણ કરીને જ આગામી પેઢી માટે જળસુરક્ષિત ગુજરાતનું નિર્માણ શક્ય બનશે.નવા નીરના વધામણાંની વેળાએ અમરેલી તાલુકાના સ્થાનિક હોદ્દેદારો, અગ્રણીઓ, કેરિયાનાગસ સરપંચશ્રી અને પંચાયત સભ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

# સુનિલ ગાવસ્કરનો આજે જન્મદિવસ



આજના દિવસે ભારતીય ક્રિકેટના મહાન બેટ્સમેન અને 'લિટલ માસ્ટર' તરીકે વિશ્વભરમાં જાણીતા સુનિલ મનોહર ગાવસ્કરનો જન્મદિવસ છે. તેમનો જન્મ 10 જુલાઈ, 1949ના રોજ મુંબઈમાં થયો હતો. તેમણે પોતાના શાનદાર ક્રિકેટ જીવન દ્વારા ભારતીય ક્રિકેટને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવી હતી.સુનિલ ગાવસ્કર વિશ્વ ક્રિકેટના એવા પ્રથમ બેટ્સમેન હતા જેમણે ટેસ્ટ ક્રિકેટમાં 10,000 રનનો ઐતિહાસિક આંક પાર કર્યો હતો. તેમણે 125 ટેસ્ટ મેચોમાં 10,122 રન નોંધાવ્યા હતા, જેમાં 34 સદી અને 45 અડધી સદીનો સમાવેશ થાય છે. તેમની મજબૂત ટેકનિક, ધીરજ અને ઝડપી બોલરો સામે નિર્ભય બેટિંગ માટે તેઓ આજે પણ યાદ કરવામાં આવે છે.1971માં વેસ્ટ ઈન્ડિઝ સામેની તેમની પ્રથમ ટેસ્ટ શ્રેણીમાં જ તેમણે 774 રન ફટકારી વિશ્વ ક્રિકેટમાં ધમાકેદાર આગમન કરાવ્યું હતું. તે સમયના વિશ્વના સૌથી ખતરનાક ફાસ્ટ બોલિંગ આક્રમણ સામે હેલ્મેટ વગર બેટિંગ કરવાની તેમની હિંમત યુવા ક્રિકેટરો માટે આજે પણ પ્રેરણારૂપ છે.ક્રિકેટમાંથી નિવૃત્તિ બાદ પણ સુનિલ ગાવસ્કરે કોમેન્ટેટર, ક્રિકેટ વિશ્લેષક અને લેખક તરીકે રમતજગતમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના અનુભવ અને નિષ્પક્ષ અભિપ્રાયો ક્રિકેટપ્રેમીઓમાં આજે પણ ખૂબ લોકપ્રિય છે.તેમના જન્મદિવસે સમગ્ર દેશના ક્રિકેટપ્રેમીઓ તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને સતત સક્રિય જીવનની કામના કરે છે.

તારીખ : 10/07/2026

# યુવાનોના આઈકોન અમરેલીના સેવાભાવી ઉદ્યોગપતિ યુવાન કાવેરી ગોળ ના માલિક નાસીરભાઈ ટાંકે પોતાનો જન્મ દિવસ સાવરકુંડલા માનવ મંદિરે મનોરોગી બહેનો સાથે મિષ્ટ કરાવીને ઉજવ્યો



સામાન્ય રીતે મોટા લોકો ઉદ્યોગપતિઓ અને સેલિબ્રિટીઓ હોટલોમાં અને મોટા ફંકશનનો કરીને જન્મદિવસ ઉજવતા હોય છે. ત્યારે અમરેલીના યુવાન ઉદ્યોગપતિ અને કાવેરી ગોલના માલિક નાસીરભાઈ ટાંકે પોતાનો જન્મદિવસ સાવરકુંડલા મનોરોગી આશ્રમ માનવ મંદિર ખાતે મિત્ર મંડળ સાથે બહેનોને મિસ્ટ ભોજન કરાવીને ઉજવવામાં આવ્યો. નાસીર ભાઈ ટાંક અને તેમનું મિત્ર મંડળ સાવરકુંડલા માનવ મંદિર આજે જન્મદિવસે સવારે 11:00 કલાકે પહોંચ્યું સૌપ્રથમ માનવ મંદિરે આવી પૂજ્ય ભક્તિ બાપુ ના આશીર્વાદ લીધા અને ભક્તિ બાપુએ આશીર્વાદ સ્વરૂપે ના આશીર્વાદ આપી શાલ ઓઢાડી તેમનું સન્માન કર્યું. સાથે આવેલ 25 જેટલા મિત્રોને પણ આશીર્વાદ આપ્યા. તમામ મિત્રોએ મનોરોગી બહેનો સાથે વાતચીત કરી નાસીરભાઈ અત્યાર સુધીમાં કોરોના કાલ હોય કે સામાન્ય દિવસ હોય. હંમેશા છુટે હાથે અનેક લોકોને મદદ કરી છે વંચિતોના અને નિરાધારોના ચહેરા ઉપર સ્મિત લાવવાનો પ્રયાસ કર્યો છે આવા સર્વ ધર્મને સ્વીકારીને માનવ ધર્મ સ્વીકારીને સેવા કરનાર નાસીરભાઈ ટાંક દ્વારા 58 જેટલી મનોરોગી બહેનો ભક્તિ બાપુની નિશ્રામાં પૂર્ણ જીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહી છે તેના ચહેરા ઉપર એક પ્રકારની ખુશી અને આનંદ દેખાયો.સૌથી મહત્વની વાત એ છે કે છેલ્લા એકાદ મહિનાથી નાસીરભાઈ અને તેમના મિત્રો દ્વારા એક વિચાર આવતો હતો કે આપણે એક youtube વેબ ચેનલ શરૂ કરવી છે શરૂઆત ક્યાંથી કરવી નામ શું રાખવું કે તમામ બાબતોમાં કોઈ વાત નક્કી ન થતી હતી પરંતુ છેલ્લા આઠ દિવસની અંદર તેમનું નામ ટર્નિંગ પોઈન્ટ એવું નક્કી કરવામાં આવ્યું. અને શરૂઆતનો પ્રથમ જ એપિસોડ પ્રખ્યાત



એંકર ઉચ્ચ ક્વોલીટીના કેમેરાઓ સાથે માનવ મંદિરે પહોંચી ભક્તિ બાપુ ના વિચારો તેમના જીવનની કેટલીક અનુભવ સિદ્ધ વાતોને વણી લીધી જે ખૂબ જ જોવા અને સાંભળવા લાયક છે. આ ટર્નિંગ પોઈન્ટ વેબ ચેનલનું પૂજ્ય ભક્તિ બાપુ ના વરદ હસ્તે ઓપનિંગ કરવામાં આવ્યું ભક્તિ બાપુ અને માનુ મંદિર પરિવાર દ્વારા નાસીરભાઈ ટાંકની જન્મદિવસની શુભકામનાઓ અને આશીર્વાદ તો પ્રાપ્ત થયા જ છે સાથોસાથ માનવ મંદિરમાં નિવાસ કરી રહેલી 64 જેટલી મનોરોગી જોગણીઓના પણ આશીર્વાદ પ્રાપ્ત થયા છે.

તારીખ : 10/07/2026

# જિલ્લામાં ગત સપ્તાહમાં થયેલ ભારે વરસાદની સ્થિતિ સંદર્ભે રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ






## ભારે વરસાદમાં ક્ષતિગ્રસ્ત રોડ-રસ્તાની મરામતની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ, જે જલ્દીથી પૂર્ણ થશે

અમરેલી તા. ૧૦ જુલાઈ,૨૦૨૬ (શુક્રવાર) - અમરેલી જિલ્લાના ધારી, ખાંભા, સાવરકુંડલા, લીલીયા, રાજુલા અને જાફરાબાદ સહિતના તાલુકાઓમાં ગત સપ્તાહે ભારે વરસાદની સ્થિતિ સર્જાઈ હતી. તેના કારણે ગ્રામ્ય વિસ્તારો પણ અસરગ્રસ્ત બન્યા હતા. ગતરોજ ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચીને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને સમગ્ર સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. આજરોજ ભારે વરસાદની સ્થિતિ સંદર્ભે રાજ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારી-બગસરા વિસ્તાર ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા, સાવરકુંડલા-લીલીયા વિસ્તાર ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા-જાફરાબાદ વિસ્તાર ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી, જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ભારે વરસાદના લીધે ક્ષતિગ્રસ્ત મુખ્ય અને ગ્રામ્ય રોડ-રસ્તાની મરામતની કામગીરી, ખેતીની જમીનનું ધોવાણ, ગ્રામ્ય રસ્તાઓનું ધોવાણ, પશુમૃત્યુ, વીજ સંબંધિત આંતરમાળખુ રીસ્ટોરેશન સહિતની બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ક્ષતિગ્રસ્ત રોડ-રસ્તાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ-રાજ્ય અને પંચાયત દ્વારા યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી હતી. હવે આ કામગીરી પૂર્ણતાની નજીક છે. મોટાભાગના રોડ-રસ્તાઓ પૂર્વવત શરૂ કરવામાં આવ્યા છે. બેઠકમાં રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ન ફેલાઈ તે માટે આરોગ્ય સંબંધિત પગલા લેવા સહિતની બાબતે સંબંધિત અધિકારીશ્રીને સૂચનાઓ આપી હતી. ઉલ્લેખનીય છે કે, જ્યાં પણ વીજ પુરવઠો ખોરવાયો છે અને વીજપોલ ધરાશાયી થયા અથવા વીજ લાઈનોને નુકશાન થયું છે, તે સંબંધિત કામગીરી પણ વિવિધ ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે, જે જલ્દીથી પૂર્ણ કરવામાં આવશે. ઉપરાંત વોટર વે ક્લીનીંગ, નદી નાળામાંથી કચરો હટાવવા સંબંધિત કામગીરી પણ ઝડપભેર કરવામાં આવશે. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા પંચાયત હોદ્દેદારો, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે.જે.જાડેજા, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટરશ્રી હર્ષિતા ગોયલ, અમરેલી પ્રાંત અધિકારીશ્રી મહેશ નાકીયા,માર્ગ અને મકાન-રાજ્ય નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી હેતત્સવ ધોલાવાલા, માર્ગ અને મકાન-પંચાયત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ઈરીગેશન રાજ્યના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી વાજા, નેશનલ હાઈવે ઓથોરિટીના પ્રતિનિધિશ્રી સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખેતીની જમીનનું ધોવાણ, ગ્રામ્ય રસ્તાઓનું ધોવાણ, પશુ મૃત્યુ, વીજ સંબંધિત આંતરમાળખુ રીસ્ટોરેશન સહિતની બાબતે બેઠકમાં વિસ્તૃત ચર્ચા

કે.કે. NEWS

તારીખ : 10/07/2026

# આધુનિક લાહોરના શિલ્પી સર ગંગારામની પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



આજે આધુનિક લાહોરના શિલ્પી તરીકે પ્રસિદ્ધ અને પ્રખર ઈજનેર, સમાજસેવક તથા દાનવીર ગંગારામ ની પુણ્યતિથિ નિમિત્તે દેશભરમાં તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે.સર ગંગારામનો જન્મ ૧૩ એપ્રિલ, ૧૮૫૧ના રોજ થયો હતો. તેઓ બ્રિટિશ ભારતના અગ્રણી સિવિલ ઈજનેરોમાંના એક હતા. તેમની અદ્વિતીય ઈજનેરી કુશળતા અને દુરંદેશી આયોજનના કારણે લાહોર શહેરમાં અનેક ભવ્ય ઈમારતો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને જાહેર સુવિધાઓનું નિર્માણ થયું હતું. આ યોગદાનને કારણે તેમને "આધુનિક લાહોરના પિતા" તરીકે ઓળખવામાં આવે છે.સમાજસેવાના ક્ષેત્રે પણ સર ગંગારામનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. તેમણે શિક્ષણ, આરોગ્ય અને ગરીબોના કલ્યાણ માટે અનેક સેવાકીય કાર્યો કર્યા હતા. તેમના દ્વારા સ્થાપિત સંસ્થાઓ આજે પણ માનવસેવાનું કાર્ય કરી રહી છે અને તેમની સેવાભાવનાની સાક્ષી બની છે.સર ગંગારામનું જીવન નિષ્ઠા, પરિશ્રમ, સેવા અને માનવતાના મૂલ્યોનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. તેમની દુરંદેશી વિચારસરણી અને સમાજ પ્રત્યેની સમર્પિત ભાવના આજની પેઢી માટે પણ પ્રેરણાસ્ત્રોત બની રહી છે.આજે તેમની પુણ્યતિથિના અવસરે વિવિધ સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓ દ્વારા તેમને યાદ કરી ભાવાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે તથા તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

# આઈ.ટી.આઈ ધારી ખાતે તા. ૧૩ જુલાઈએ રોજગાર ભરતી મેળાનું આયોજન

અમરેલી તા. ૧૦ જુલાઈ,૨૦૨૬ (શુક્રવાર) - આઈ.ટી.આઈ ધારી, હીમખીમડી, તુલશીશ્યામ રોડ ખાતે તા. ૧૩-૦૭-૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે સી.આઈ.ઈ ઓટોમોટિવ કંપનીનો રોજગાર ભરતીમેળો યોજાશે. ધોરણ ૧૦,૧૨ પાસ કે, ગ્રેજ્યુએટ અથવા આઈ.ટી.આઈ તમામ ટ્રેડ પાસઆઉટ તાલીમાર્થીઓ આ ભરતીમેળામાં ભાગ લઈ શકે છે. ભરતીમેળામાં પસંદગી પામનારને કંપની દ્વારા રૂ.૧૪,૪૦૦ થી ૧૬,૯૦૦ જેટલો પગાર ચૂકવવામાં આવશે. આધારકાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે રાખીને આ ભરતીમેળામાં ઉપસ્થિત રહેવા માટે આઈ.ટી.આઈ ધારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કે.ડી. NEWS
તારીખ : 10/07/2026

# બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત પી.સી. એન્ડ પી.એન.ડી.ટી એક્ટ અંતર્ગત જાગૃતિકરણ કાર્યક્રમ







જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શૈલેષભાઈ કણઝરીયાના માર્ગદર્શન મુજબ આજ રોજ અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકામાં આરોગ્ય વિભાગના સંકલનમાં બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત પી.સી. એન્ડ પી.એન.ડી.ટી એક્ટ અંતર્ગત જાગૃતિકરણ કાર્યક્રમ આયોજિત થયેલ.આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત શાસક પક્ષના નેતા મયુરભાઈ સાનીયા, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, તાલુકા હેલ્થ ઓફિસર બલદાણીયા સાહેબ, ડો.શૈલેષ પટેલ, તાલુકા હેલ્થ વીઝીટર આશાબેન રાવળ, હેલ્થ સુપર વાઈઝર ભુવા મગનભાઈ, આશા ફેસીલીટર, આશા વર્કર બહેનો, ડી.એચ.ઈ.ડબલ્યુ, ઓ.એસ.સી, પી.બી.એસ.સી, સ્ટાફ ઉપસ્થિત રહેલ.

જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત આજના કાર્યક્રમ અંગે પ્રાસંગિક ઉદ્બોધન આપવામાં આવેલ. તાલુકા હેલ્થ ઓફિસર બલદાણીયા સાહેબ દ્વારા પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ 1994 અંગે ગર્ભ જાતિ પરીક્ષણ ગેરકાયદેસર છે તેમજ સજાને પાત્ર છે. એ વિષય પર વિસ્તૃત કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવેલ. ડો. શૈલેષ પટેલ દ્વારા આજના કાર્યક્રમ અનુરૂપ ઉદ્બોધન આપવામાં આવેલ. તાલુકા હેલ્થ વીઝીટર આશાબેન રાવળ દ્વારા આશા વર્કર બહેનોને જાગૃત બની તેમના આસપાસ આવા કોઈ બનાવ બને તો તે અંગે જાણ કરવા સમજાવવામાં આવેલ.

જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર હસમુખભાઈ રાઠોડ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની યોજનાઓ વિશે માહિતી આપવામાં આવેલ. જેન્ડર સ્પેશિયાલિસ્ટ જાનાબેન ગલચર દ્વારા આભાર વ્યક્ત કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત આશા વર્કર બહેનોને યોજનાકીય પેમ્ફલેટ અને અલ્પાહાર આપવામાં આવેલ.






તારીખ : 10/07/2026
નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ



New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


# કે.ડી. NEWS ના પ્લેટફોર્મ પર




## જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...

અને આપે છે

## વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો






## આજે જ સંપર્ક કરો

## વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

## 9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"દરિદ્ર કદાચ દયનીય જ હોય છે,
અમીર કદાચ પ્રશંસનીય જ હોય છે,
પાપી કદાચ તિરસ્કરણીય
જ હોય છે, ધર્મી કદાચ વંદનીય અને
અનુસરણીય જ હોય છે,
પણ નિંદક ? એ તો નિંદનીય,
તિરસ્કરણીય અને ઉપેક્ષણીય
જ બન્યો રહે છે."




આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3449**
**10/07/2026**
**Friday**

## आत्मा

एक शक्तिशाली "चित्त"
सब कुछ घटित कर
सकता है।

बाबास्वामी
10/7/2026



તારીખ : 10/07/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

નો નેગેટીવ ન્યુઝ

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગલગલીયા

**નવા** જમાના ની ડીજીટલ દુશ્મનીલોકો હવે લડતા નથી પણ ફોટો, રીલ લાઈક કરવાનું બંધ કરી દે છે....

**લોકો** મોટી મોટી વાત કરવામાં થોડું માપ પણ ના રાખે એક ભાઈ તો 15 20 જણાની વચ્ચે ઉભા હતા અને ફોનમાં વાત કરતા કહ્યું ભારે વરસાદ મુંબઈમાં હતો તેથી આમિર ખાનના લગનમાં પહોંચી નથી શક્યો માફ કરજો

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 10 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

**જન્મ**

૧૮૫૬ – નિકોલા ટેસ્લા, સર્બિયન-અમેરિકન શોધક, વિદ્યુત અભિયંતા, યાંત્રિક અભિયંતા અને ભાવિવાદી (અ. ૧૯૪૩)

૧૯૨૩ – જી. એ. કુલકર્ણી, મરાઠી ભાષાના ભારતીય લેખક અને શિક્ષણવિદ્ (અ. ૧૯૮૭)

૧૯૪૦ – મેઘનાદ દેસાઈ, ભારતીય-અંગ્રેજી અર્થશાસ્ત્રી અને રાજકારણી

૧૯૪૯ – સુનીલ ગાવસકર, ભારતીય ક્રિકેટર

૧૯૫૧ – રાજનાથ સિંહ, ભારતીય રાજનેતા

**અવસાન**

૧૯૨૭ – ગંગારામ, 'આધુનિક લાહોરના પિતા' તરીકે ઓળખાતા ભારતીય ઈજનેર અને સ્થપતિ (જ. ૧૮૫૧)

૨૦૦૦ – વક્કોમ મજીદ, ભારતીય સ્વતંત્રતા સેનાની, રાજકારણી અને ત્રાવણકોર-કોચીન રાજ્ય વિધાનસભાના ભૂતપૂર્વ સભ્ય (જ. ૧૯૦૯)

૨૦૧૩ – ગોકુલાનંદ મહાપાત્ર, ભારતીય વૈજ્ઞાનિક, વિજ્ઞાન લેખક (ફિક્શન) અને શિક્ષણવિદ્ (જ. ૧૯૨૨)

૨૦૧૪ – ઝોહરા સેહગલ, ભારતીય અભિનેત્રી, નૃત્યાંગના અને નૃત્ય પ્રશિક્ષક (જ. ૧૯૧૨)

**તહેવારો અને ઉજવણીઓ**

નિકોલા ટેસ્લા દિવસ

તારીખ : 10/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે




# હોલસેલ ભાવે

## નાની-મોટી

# ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

# રફ ચોપડા



તેમજ

લખવા માટેની

# કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 10/07/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

52K

35K

100K

**સંપર્ક : મો. 94997 97973**